સુરત મહાનગરપાલિકા
# કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય
અઠવાલાઈન્સ,સુરત. ફોન નં. (૦૨૬૧) ૨૬૬૫૮૭૩
URL:www.suratmunicipal.gov.in, e-mail:library@suratmunicipal.org

**ભાવપત્રક**

નં.ન.મ.પુ./જા./૧૭૩
તા.૨૯/૦૬/૨૦૨૨

પ્રતિ,
શ્રી/મે.______________,
______________,
______________,
______________,

મહાશય / મહોદયા,

વિષય : જાહેર પુસ્તકાલયો ખાતે બારકોડ પ્રિન્ટર, બારકોડ સ્કેનર, સ્કેનર સ્ટેન્ડ, બારકોડ સ્ટીકર અને બારકોડ રિબન પૂરા પાડવાના કામે ભાવપત્રક મોકલવા બાબત.

જયભારત સહ જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકા નિર્મિત વરાછા મધ્યસ્થ પુસ્તકાલય, ઉમરવાડા તથા લિંબાયત મધ્યસ્થ પુસ્તકાલય,ગોડાદરા ખાતે વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન નીચે દર્શાવેલ સંખ્યા મુજબ લાયબ્રેરી ઉપયોગી બારકોડ પ્રિન્ટર, બારકોડ સ્કેનર, બારકોડ સ્કેનર સ્ટેન્ડ, બારકોડ સ્ટીકર, બારકોડ રિબન વિગેરે નીચે જણાવેલ શરતોને આધિન ખરીદવામાં આવનાર છે.

| નં. | વિગત | નિર્માણાધિન વરાછા પુસ્તકાલય | નિર્માણાધિન લિંબાયત પુસ્તકાલય | કુલ જરૂરીયાત (અંદાજીત) |
|---|---|---|---|---|
| (૧) | બારકોડ પ્રિન્ટર | 01 | 01 | 02 |
| (૨) | બારકોડ સ્કેનર | 04 | 03 | 07 |
| (૩) | સ્કેનર સ્ટેન્ડ | 04 | 03 | 07 |
| (૪) | બારકોડ સ્ટીકર | 50000 | 40000 | 90000 |
| (૫) | બારકોડ રિબન | 12 | 10 | 22 |

**શરતો :**

(૧) લાયબ્રેરી ઉપયોગી **બારકોડ પ્રિન્ટર, બારકોડ સ્કેનર, સ્કેનર સ્ટેન્ડ, બારકોડ સ્ટીકર, બારકોડ રિબન** વિગેરેનો **ગુજરાતી / અંગ્રેજી ભાષામાં મુળ ભાવ, જી.એસ.ટી.નો ભાવ એમ બંને મળી કુલ ભાવ ભાવપત્રકમાં જણાવવાનો રહેશે અને ભાવપત્રકમાં સંસ્થાની વિગત ફોન નંબર, સરનામા, જી.એસ.ટી.નંબર સાથે તથા સંસ્થાના ઇન્ચાર્જના સહી–સીકકા કરવાના રહેશે.**

(૨) ભાવપત્રક ખુલ્યેથી ૧૨૦ દિવસ સુધી માન્ય રહેશે. જે દરમ્યાન વેપારી / ઈજારદાર પોતાનું ભાવપત્રક પરત ખેંચી શકશે નહી અને / અથવા પોતાની ઓફરમાં કોઈ ફેરફાર કરી શકશે નહી.

(૩) **ભાવપત્રકમાં જણાવેલ તમામ આઈટમનો ભાવ ફરજીયાત આપવાનો રહેશે.** જે પ્રમાણે સૌથી ઓછા ભાવો / ઓફર મંજુર / નામંજુર કરી, ખરીદ કરવાનો હકક સુરત મહાનગરપાલિકાની સક્ષમ સત્તાને આધિન રહેશે. જે બાબતે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.

(૪) લાયબ્રેરી ઉપયોગી બારકોડ પ્રિન્ટર, બારકોડ સ્કેનર, સ્કેનર સ્ટેન્ડ, બારકોડ સ્ટીકર, બારકોડ રિબન ખરીદવાના કામે અન્ય તમામ પ્રકારના ખર્ચ, દર, વળતર, મહેનતાણા, કર, વેરા, લેવી, ડયુટી, મટીરીયલ, સાધનો, ઉપકરણો, ટ્રાન્સપોર્ટેશન વિ. સમાવિષ્ટ રહેશે.

(૫) ઉપરોકત લાયબ્રેરી ઉપયોગી બારકોડ પ્રિન્ટર, બારકોડ સ્કેનર, સ્કેનર સ્ટેન્ડ, બારકોડ સ્ટીકર, બારકોડ રિબન વિગેરે અત્રેની કચેરીએથી જણાવ્યા મુજબના સ્થળે કે પુસ્તકાલય કે વાંચનાલય ખાતે સ્વખર્ચે પહોંચતા કરવાના રહેશે.

(૬) જી.એસ.ટી.ની રકમ સિવાયનું અન્ય કોઈ ચુકવણું ઈજારદારને અલગથી કરવામાં આવશે નહી. જે તે સમયે અમલમાં હોય તે દરે જી.એસ.ટી.ની રકમનું ઈજારદારને અલગથી ચુકવણું કરવામાં આવશે.

(૭) કેન્દ્ર / રાજય સરકારશ્રી તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ધ્વારા વસુલ લેવા જોગ લાગત કરવેરા વિગેરે કપાત કરી, બીલની ચુકવણી કરવામાં આવશે.

(૮) જે વેપારી / ઈજારદારનું ભાવપત્રક મંજુર થાય તે વેપારી / ઈજારદારે બારકોડ પ્રિન્ટર, બારકોડ સ્કેનર, સ્કેનર સ્ટેન્ડ, બારકોડ સ્ટીકર, બારકોડ રિબન અત્રેના વર્કઓર્ડરની તારીખથી દિન–૧૫માં ફરજીયાતપણે કોઈપણ પ્રકારના ચાર્જીસ, ટ્રાન્સપોર્ટેશન ફી, ઈન્સ્ટોલેશન ફી સિવાય સપ્લાય કરી આપવાના રહેશે તેમજ બીલની ૩(ત્રણ) નકલ રજુ કરવાની રહેશે.

(૯) સપ્લાય કરેલ બારકોડ પ્રિન્ટર અને સ્કેનરની ગેરંટી એક વર્ષ માટે અને વોરંટી ત્રણ વર્ષની સમય મર્યાદામાં સુધી આપવાની રહેશે.

(૧૦) ઉપરોકત શરતોમાં મ્યુનિ. લાયબ્રેરી વિભાગના વિભાગીય વડાશ્રી યોગ્ય પ્રકારના ફેરફાર કરવા હકકદાર રહેશે જે ઈજારદારને બંધનકર્તા રહેશે.

લાયબ્રેરી ઉપયોગી બારકોડ પ્રિન્ટર, બારકોડ સ્કેનર, સ્કેનર સ્ટેન્ડ, બારકોડ સ્ટીકર, બારકોડ રિબન વિગેરે સપ્લાય કરવામાં રસ ધરાવનારે પોતાના ભાવપત્રકો બંધ કવરમાં ગ્રંથપાલશ્રી, કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરતના સરનામે તા.૦૧/૦૭/૨૦૨૨ થી તા.૦૭/૦૭/૨૦૨૨ સુધીમાં દિન–૭(સાત)માં પહોંચતા કરવાના રહેશે.

સહી/–
ગ્રંથપાલ
ક.ન.મ.પુસ્તકાલય
સુરત મહાનગરપાલિકા